RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 296 *Date: 15.08.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# જમ્મુમાં પણ ઉત્તરાખંડવાળી થઈ, કિશ્તવાડમાં વાદળ ફાટ્યું:૧૨નાં મોત



જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડના પદ્દર સબ-ડિવિઝનના ચશોટી ગામમાં ગુરુવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે વાદળ ફાટ્યું હતું. એના કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પાણીના ભારે વહેણ અને કાટમાળની ઝપેટમાં ઘણા લોકો આવી ગયા હતા. સમાચાર એજન્સીઁ મુજબ, અત્યારસુધીમાં ૧૨ લોકોનાં મોત થયાં છે, તેમના મૃતદેહ મળ્યો છે, જોકે મૃત્યુઆંક વધી શકે છે. ૨૫ લોકો ઘાયલ થયા છે.આ દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે હજારો શ્રદ્ધાળુઓ મચૈલ માતાની યાત્રા માટે ચશોટી ગામમાં પહોંચ્યા હતા. આ યાત્રાનો પહેલો પડાવ છે. યાત્રા જ્યાંથી શરૂ થવાની હતી ત્યાં જ વાદળ ફાટ્યું. અહીં બસો, તંબુઓ, લંગર અને ભક્તોની ઘણી દુકાનો હતી. બધું પૂરના પાણીમાં તણાઈ ગયું છે.

કિશ્તવાડ જિલ્લાના ચશોટી ગામમાં આ દુર્ઘટના બની છે. અહીં ધાર્મિક યાત્રા માટે ઘણા લોકો આવ્યા હતા. ત્યારે અચાનક વાદળ ફાટવાથી યાત્રા ઝપેટમાં આવી ગઈ. આ દુર્ઘટનામાં ઘણા લોકોનાં મોત થયાં હોવાની શક્યતા છે. રાહત અને બચાવ કાર્ય ચાલુ છે.દર વર્ષે ઓગસ્ટમાં મચૈલ માતાની યાત્રા થાય છે. એમાં હજારો શ્રદ્ધાળુઓ આવે છે. એ ૨૫ જુલાઈથી ૫ સપ્ટેમ્બર સુધી ચાલશે. જમ્મુથી કિશ્તવાડ સુધીનો આ માર્ગ ૨૧૦ કિમી લાંબો છેઅને એ પદ્દરથી ચશોટી સુધીનો ૧૯.૫ કિમી લાંબો રસ્તા પર ગાડીઓ જઈ શકે છે. ત્યાર બાદ મચૈલ સુધી ૮.૫ કિમી પગપાળા યાત્રા થાય છેકિશ્તવાડના પદ્દરના ચશોટી ગામમાં ૨૦૦થી ૩૦૦ લોકો ફસાયા હોવાની આશંકા છે. બચાવ કામગીરીની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને અધિકારીઓએ હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી. મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો. કોટખાઈના ખલતુનાલા પહાડીઓમાં સવારે ૩ વાગ્યે વાદળ ફાટવાના કારણે કાટમાળ નાળામાં આવી ગયો. એના કારણે તરાઈમાં એક પેટ્રોલ પંપ અને ૬થી વધુ વાહનો દટાઈ ગયાં. પંપ પર કામ કરતા કર્મચારીઓએ ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો.બુધવારે સાંજે હિમાચલ પ્રદેશના કુલુ અને સિમલામાં ૪ સ્થળે વાદળ ફાટવાની ઘટના બની હતી. કુલુના શ્રીખંડ અને તીર્થન ઘાટી, સિમલા જિલ્લાના નાન્તી ગામ, ફાચા અને કાશાપાઠમાં વાદળ ફાટવાથી નદીઓ અને નાળાંમાં પૂર આવ્યાં હતાં.સેનાએ અચાનક પૂરમાં ફસાયેલા ૪ લોકોને બચાવ્યા. આ લોકોને પૂહ લશ્કરી કેમ્પમાં લઈ જવામાં આવ્યા. ભારે વરસાદને કારણે ઉના, કુલુના બંજર સબ ડિવિઝન, સિમલાના જુબ્બલ અને મંડીના થુનાગમાં સ્કૂલો બંધ રાખવામાં આવી છે.

## રેસલર સુશીલ કુમારના જામીન રદ, ફરી જેલમાં જવું પડશે

હરિયાણાના બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા કુસ્તીબાજ સુશીલ કુમારને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે જુનિયર નેશનલ રેસલિંગ ચેમ્પિયન સાગર ધનખર હત્યા કેસમાં તેમના જામીન રદ કર્યા છે અને તેમને ૭ દિવસમાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે.ન્યાયાધીશ સંજય કરોલ અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે મૃતક સાગરના પિતા અશોક ધનખરની અરજી મંજૂર કરી, દિલ્હી હાઈકોર્ટના ૪ માર્ચના જામીનના આદેશને ઉલટાવી દીધો.સુશીલ કુમાર અને તેના સાથીઓ પર સાગર ધનખરની હત્યામાં મિલકતના વિવાદને લઈને હુમલો કરવાનો આરોપ છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ, સાગરનું મોત માથામાં ગંભીર ઈજાને કારણે થયું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ, સુશીલ કુમારે હવે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવું પડશે.તે જ સમયે, સાગર ધનખરના પિતાએ કોર્ટના નિર્ણય પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે આ કોર્ટના નિર્ણયથી તેમનું સન્માન બચ્યું છે.સુપ્રીમ કોર્ટના નિર્ણયથી રાહતઃ સાગરના પિતાએ કહ્યું કે તેઓ સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ખૂબ જ ખુશ છે અને તેઓ તેને એક સારો નિર્ણય માને છે. તેમનું માનવું છે કે આનાથી તેમને જલ્દી ન્યાય મળવાની આશા છે. તેમણે કહ્યું કે ચાર વર્ષથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ હવે તેમને લાગે છે કે કેસની સુનાવણી આગળ વધશે અને ન્યાય મળશે.

## ૭૦ દેશોની જેલોમાં ૧૦,૫૭૪ ભારતીયો કેદ:૧૧ દેશોમાં ૪૩ લોકોને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી

લોકસભામાં એક સવાલના જવાબમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે હાલમાં યમન સહિત ૧૧ દેશોમાં ૪૩ ભારતીયો મૃત્યુદંડની સજાનો સામનો કરી રહ્યા છે. ઉપરાંત, વિશ્વના ૭૦ થી વધુ દેશોમાં ૧૦,૫૭૪ ભારતીય નાગરિકો જેલમાં બંધ છે.

તેમાંથી કેટલાક પર કેસ ચાલી રહ્યો છે, કેટલાક દોષિત ઠેરવવામાં આવ્યા છે અને કેટલાક સજા પૂર્ણ કરી હોવા છતાં મુક્તિ અથવા પ્રત્યાર્પણની રાહ જોઈ રહ્યા છે. આમાં, ૧૪ દેશો એવા છે જ્યાં ૧૦૦થી વધુ ભારતીયો જેલમાં છે.જોકે, આ સંખ્યા વધુ હોઈ શકે છે કારણ કે વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ઘણા દેશોમાં કડક પ્રાઈવેસી કાયદાને કારણે બધા કેસોની વિગતવાર માહિતી પૂરી પાડવી શક્ય નથી. ઘણા દેશોમાં, જ્યાં સુધી સંબંધિત કેદી મંજુરી ન આપે ત્યાં સુધી માહિતી શેર કરવામાં આવતી નથી.મંત્રાલયે જણાવ્યું હતું કે વિદેશી જેલોમાં ૪૩ ભારતીય નાગરિકો મૃત્યુદંડની સજાનો સામનો કરી રહ્યા છે. આમાંથી સૌથી વધુ ૨૧ સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) માં છે. ત્યારબાદ



સાઉદી અરેબિયા (૭), ચીન (૪), ઈન્ડોનેશિયા (૩), યમન (૧) અને કેટલાક અન્ય દેશોનો ક્રમ આવે છે.૧૫ જુલાઈ ૨૦૨૫ સુધીમાં શ્રીલંકાની જેલમાં ૨૮ ભારતીય માછીમારો કેદ છે. માનવતાવાદી અને આજીવિકાના ધોરણે આ મુદ્દો શ્રીલંકાની સરકાર સમક્ષ સતત ઉઠાવવામાં આવી રહ્યો છે.

હાલમાં, વડાપ્રધાને શ્રીલંકાના રાષ્ટ્રપતિ સાથેની તેમની મુલાકાત દરમિયાન પણ આ વાત પર ભાર મૂક્યો હતો. સરકારે કહ્યું કે ભારતીય મિશન આ કેદીઓને કાનૂની સહાય, કોન્સ્યુલર એક્સેસ અને સમયસર મુક્તિ સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહ્યા છે.

## જો ટ્રમ્પ-પુતિનની વાતચીત નિષ્ફળ રહી તો ભારત પર લગાવીશું વધારે ટેરિફ...', અમેરિકાની નવી ધમકી



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે શુક્રવારે અલાસ્કામાં થનારી મહત્ત્વપૂર્ણ મુલાકાત પર સમગ્ર વિશ્વની નજર છે. પરંતુ હવે અમેરિકાએ આ મુલાકાતને પણ ભારત અને ટેરિફ વૉર સાથે જોડી દીધી છે. અમેરિકન નાણા મંત્રી સ્કૉટ બેસન્ટે નવી ધમકી આપી છે કે, 'જો રશિયન પ્રમુખ પુતિન સાથે ટ્રમ્પની વાતચીત નિષ્ફળ રહી તો અમેરિકા ભારત પર વધુ ટેરિફ લગાવશે.'

અમેરિકન નાણા મંત્રી સ્કૉટ બેસન્ટે કહ્યું કે, અલાસ્કામાં રશિયન પ્રમુખ ટ્રમ્પની રશિયન પ્રમુખ પુતિન સાથેની બેઠકના પરિણામોના આધાર પર વોશિંગ્ટન ભારત પર સેકન્ડરી ટેરિફ વધુ વધારી શકે છે. એક ઈન્ટરવ્યુમાં બેસન્ટે કહ્યું કે, 'અમે રશિયન તેલ ખરીદવા બદલ ભારત પર પહેલાથી જ સેકન્ડરી ટેરિફ લગાવી દીધો છે. જો સ્થિતિમાં સુધારો ન થયો તો પ્રતિબંધો અથવા સેકન્ડરી ટેરિફમાં વધારો થઈ શકે છે.'આ મહિનાની શરૂઆતમાં ટ્રમ્પે રશિયા પાસેથી તેલ અને હથિયાર ખરીદવા બદલ ભારત પર હાલના ૨૫% ટેરિફ ઉપરાંત ૨૫% દંડ પણ ફટકાર્યો હતો, જે ૨૭ ઓગસ્ટથી લાગુ થઈ શકે છે. આમ અમેરિકા દ્વારા સૌથી વધુ ટેરિફ લગાવનારા દેશોની યાદીમાં હવે ભારત પણ સામેલ થઈ ગયુ છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પ આરોપ લગાવી ચૂક્યા છે કે, ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદીને તેને ગ્લોબલ માર્કેટમાં ઊંચા ભાવે વેચે છે અને મોટો નફો કમાય છે. આ સાથે જ તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે, ભારત રશિયા પાસેથી તેલ ખરીદીને યુક્રેન સામે ચાલી રહેલા યુદ્ધમાં ફન્ડિંગ કરી રહ્યું છે. જોકે, ભારતે આનો જડબાતોડ જવાબ આપ્યો છે.

તાજેતરમાં જ વિદેશ મંત્રાલયે અમેરિકન પ્રમુખના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવા માટે મજબૂર થવું પડ્યું, કારણ કે, યુક્રેન સંઘર્ષ શરૂ થયા બાદ પરંપરાગત સપ્લાયર્સે પોતાની સપ્લાય યુરોપને આપવાનું શરૂ કરી દીધું. તે સમયે અમેરિકાએ પોતે આ પગલું ભરવા માટે ભારતને પ્રોત્સાહિત કર્યું હતું, જેથી ગ્લોબલ એનર્જી માર્કેટ સ્થિર રહી શકે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, ભારતની આ આયાત ભારતીય ગ્રાહકોને સસ્તી અને સ્થિર ઉર્જા સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે. આ કોઈ વિકલ્પ નથી, પરંતુ ગ્લોબલ માર્કેટની મજબૂરી છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'ચોંકાવનારી બાબત એ છે કે, જે દેશો ભારતની ટીકા કરી રહ્યા છે તેઓ પોતે જ રશિયા સાથે વેપાર કરી રહ્યા છે.'

રશિયા-યુક્રેન સંઘર્ષને ખતમ કરવાના ઉદ્દેશ્યથી પ્રમુખ ટ્રમ્પ રશિયન પ્રમુખ પુતિન સાથે મુલાકાત કરશે. ટ્રમ્પે કહ્યું છે કે, જો પુતિન સાથેની મારી વાતચીત સારી રહેશે, તો હું બીજા રાઉન્ડની બેઠક પણ કરીશ. પુતિન સાથેની પહેલી મુલાકાત બાદ તરત જ આ બીજી બેઠક થશે. પરંતુ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકી પણ આ બીજી બેઠકનો ભાગ બનશે. જોકે, પુતિન પોતાની શરતો પર અડગ છે અને તેમણે ઝેલેન્સકી સાથે કોઈપણ પ્રકારની વાતચીતનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

## સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આપ્યું ૧૯ ઓગસ્ટ સુધીનું અલ્ટીમેટમ, બિહાર SIRમાંથી ગુમ ૬૫ લાખ રજૂ કરવાનો આદેશ




સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને બિહારના મતદારોની યાદીમાંથી ગુમ ૬૫ લાખ લોકોના નામની યાદી ૧૯ ઓગસ્ટ સુધી રજૂ કરવા આદેશ કર્યો છે. તેમજ ૨૨ ઓગસ્ટ સુધી આ આદેશનો રિપોર્ટ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. સુનાવણી દરમિયાન ચૂંટણી પંચે મૃત, સ્થળાંતર કરી ચૂકેલા મતદારોની યાદી રજૂ કરવા સહમતિ દર્શાવી હતી. આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટના રોજ થશે. બેન્ચે જે લોકોના નામ ખોટી રીતે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હોય તેમને સુનાવણી માટે ૩૦ દિવસની તક મળશે.

સુપ્રીમ કોર્ટ આ મામલે આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટના રોજ કરશે. બેન્ચે વધુમાં કહ્યું હતું કે, જે લોકોના નામ ભૂલથી કે જાણી જોઈને દૂર કરવામાં આવ્યા હોય, તેઓ આ મામલે દલીલ અને સુનાવણી કરવા માટે ૩૦ દિવસની તક મળશે. તદુપરાંત પંચે પણ જે લોકોના નામ દૂર કર્યા છે, તેના કારણ રજૂ કરવાના રહેશે. જો કોઈ આપત્તિ સર્જાઈ તો તે મતદારોનો સંપર્ક કરી જરૂરી દસ્તાવેજ મેળવી તેમના નામ યાદીમાં સામેલ કરશે.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે, તમે વેબસાઈટ અને સ્થળના વિવરણ માટે જાહેર નોટિસ આપો. જેમાં મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવેલા નામોની માહિતી જાહેર કરો. જેથી જો ચૂક કે ભૂલ થઈ હોય તો તેની જાણ થાય. સુપ્રીમ કોર્ટના આ નિર્દેશ પર ચૂંટણી પંચે જણાવ્યું કે, રાજકીય પક્ષોના કાર્યકરોએ મૃત, સ્થળાંતર કરી ગયેલા લોકોની યાદી આપી હતી. ચૂંટણી પંચની આ દલીલ પર સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોય બાગચીએ જણાવ્યું હતું કે, અમે નથી ઈચ્છતા કે, નાગરિકોના અધિકાર રાજકીય પક્ષોના કાર્યકરો પર નિર્ભર રહે.

બેન્ચે કહ્યું કે, મૃત, પલાયન કરી ચૂકેલા અથવા સ્થળાંતર કરી ગયેલા મતદારોના નામ નોટિસ બોર્ડ કે વેબસાઈટ પર રજૂ કરવાથી અજાણતા થયેલી ભૂલો સુધારવાની તક મળશે. આ યાદીમાં જેને પણ વાંધો જણાશે તે ૩૦ દિવસની અંદર સુધારા-વધારા કરાવી શકશે. ચૂંટણી પંચે આ મુદ્દે કહ્યું હતું કે, બિહારમાં લગભગ ૬.૫ કરોડ લોકોને જૈંઈ માટે કોઈ દસ્તાવેજ જમા કરાવવાની જરૂર નથી.

### જાહેર રજા

**તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ સ્વાતંત્ર દિવસ તથા તારીખ ૧૬ ઓગસ્ટ ૨૦૨૫ જન્માષ્ટમી નિમિત્તે ન્યુઝ ઓફ ગાંધીનગર અખબાર કાર્યાલય સંપૂર્ણ રજા પાડશે જેથી તારીખ ૧૬ ઓગસ્ટ ૨૦૨૫ અને ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ અંક પ્રસિદ્ધ નહીં થાય જેની સર્વે નોંધ લેવી**

**લી.વ્યવસ્થાપક**

તંત્રી લેખ......

# હુરુન ઈન્ડિયાની અબજપતિઓની યાદીમાં ૯૪ નવા ચહેરા

ભારત દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે દેશમાં અબજોપતિઓની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ભારતના ધન કૂબેરોની યાદી તૈયાર કરતી બાર્કલેઝ પ્રાઈવેટ ક્લાયન્ટ્સ હુરુન ઈન્ડિયાની વર્ષ ૨૦૨૫ની યાદીમાં ૧૦૦ નવા પરિવારોનો સમાવેશ થયો છે, જેને પગલે કુલ ૩૦૦ પરિવારોની વેલ્યુ ૧૩૪ લાખ કરોડ રૂપિયા અને સરેરાશ દૈનિક કુલ વેપાર ૭૧૦૦ કરોડ થઈ ગયો હતો, જે તુર્કીયે અને ફિનલેન્ડની સંયુક્ત જીડીપીથી પણ વધુ છે. દેશના ટોચના ૧૦ પરિવારોની કુલ વેલ્યુ ૪૦.૪ લાખ કરોડ છે, જે ગયા વર્ષ કરતાં ૪.૬ લાખ કરોડનો વધારો દર્શાવે છે. હુરુન ઈન્ડિયાની સૌથી વધુ વેલ્યુ ધરાવતા પારિવારિક ઔદ્યોગિક જૂથની યાદીમાં અંબાણી પરિવાર સતત બીજા વર્ષે નંબર-૧ પર છે. તેમની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વેલ્યુ ૨૮.૨ લાખ કરોડ છે. અંબાણી પછી બીજા ક્રમ પર કુમાર મંગલમ બિરલા પરિવાર છે, જેમની વેલ્યુ ૬.૫ લાખ કરોડ છે. ત્રીજા નંબરે જિન્દાલ પરિવારની વેલ્યુ ૫.૭ લાખ કરોડ છે. આ ત્રણેય પરિવારોનું કુલ સંયુક્ત મૂલ્ય જીડીપીની દ્રષ્ટિએ ફિલિપાઈન્સ સમકક્ષ છે. પહેલી પેઢીના સૌથી મૂલ્યવાન બિઝનેસમાં અદાણી પરિવાર ૧૪ લાખ કરોડ સાથે પહેલા અને પૂનાવાલા પરિવાર ૨.૩ લાખ કરોડ સાથે બીજા નંબરે છે. ગ્રેટ ઈસ્ટર્ન શિપિંગના પ્રમુખ ૯૩ વર્ષના કનૈયાલાલ માણેકલાલ શેઠ સૌથી વૃદ્ધ સક્રિય બિઝનેસ લીડર છે.

હુરૂન ઈન્ડિયાની આ યાદીમાં સૌથી વધુ બીજી પેઢીના ૨૨૭ ઔદ્યોગિક પરિવાર છે, જ્યારે ત્રીજી પેઢીના ૫૦ પરિવાર અને ચોથી પેઢીના ૧૮ પરિવારોનો સમાવેશ થાય છે. સૌથી જૂનો ઔદ્યોગિક વાડિયા પરિવારની વેલ્યુ ૧.૫૮ લાખ કરોડ છે. બાર્કલે પ્રાઈવેટ બેન્કના એશિયા પેસિફિક વડા નીતિન સિંહના જણાવ્યા મુજબ, આગામી પાંચ વર્ષમાં ભારતના મોટા ઔદ્યોગિક પરિવારોની અંદાજે ૧૩૦ લાખ કરોડથી વધુની સંપત્તિ એક પેઢીથી બીજી પેઢીને મળશે.

# ૧૩૩ વર્ષ જૂની કેમેરા કંપની દેવાળિયું થવાની અણીએ, સ્માર્ટફોનના આગમનથી પડતીની શરૂઆત



એક સમયે ફોટોગ્રાફીની દુનિયામાં કોડકનું નામ વિશ્વ પ્રસિદ્ધ હતું. તે ઘણાં દાયકાઓ સુધી એક બ્રાન્ડ રહી હતી. વર્ષો સુધી અનેકગણો નફો નોંધાવ્યા બાદ સ્માર્ટફોન અને ટેક્નોલોજીના આગમનથી કોડકની પડતી શરૂ થઈ હતી. હવે કોડક કંપની વેન્ટિલેટર પર ચાલી રહી છે. તેનો ૧૩૩ વર્ષ જૂનો લાંબો વારસો ખતમ થવાની અણી પર છે.વર્ષ ૧૮૮૮માં જ્યોર્જ ઈસ્ટમેને આ કંપનીની શરૂઆત કરી હતી. ત્યારે કંપનીનો પ્રથમ કેમેરા ૨૫ ડોલરમાં વેચ્યો હતો. જેનું નામ 'ધ કોડક કેમેરા' હતું. આ દોરમાં કેમેરાથી ફોટો ક્લિક કરવો મોટી વાત હતી. તેના માટે એક્સપર્ટની જરૂર પડતી હતી. આ સમગ્ર પ્રક્રિયા ખર્ચાળ પણ હતી. જો કે, કોડકે સામાન્ય લોકો સુધી પહોંચવા અનેક અપગ્રેડેડ કેમેરા લોન્ચ કરી અઢળક કમાણી કરી હતી. ત્યારે કંપનીએ એક નારો આપ્યો હતો 'તમે બટન દબાવો, બાકીનું કામ અમે કરીશું...' ત્યારબાદ કંપની લોકો વચ્ચે પ્રચલિત બની હતી. ૧૯૭૦ના દાયકામાં વિશ્વના તમામ દેશોમાં કોડકના જ કેમેરા વેચાતા હતાં. ત્યારબાદ કોડકે પોતાના કેમેરામાં અનેક ફેરફારો કર્યા અને લોકપ્રિયતા મેળવી. ૧૯૭૫માં કોડક માટે કામ કરતાં સ્ટીવ સેસને પ્રથમ ડિજિટલ કેમેરાનો પ્રોટોટાઈપ બનાવ્યો હતો. ત્યારબાદ અન્ય કંપનીઓને માર્કેટમાં પ્રવેશવાની તક મળી. જ્યાં સુધી કોડક ડિજિટલ કેમેરાના બિઝનેસમાં એન્ટ્રી કરવાનો પ્રયાસ કરે ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું.૨૦મી સદીની શરૂઆતની સાથે જ ટેક્નોલોજીએ અનેક કંપનીઓને નુકસાન પહોંચાડ્યું. ઘણી કંપનીને તાળા વાગ્યા. સ્માર્ટફોનના પ્રવેશથી ફોનમાં જ ફોટો ક્લિક થવા લાગી. તેને પ્રિન્ટ કરાવવાના બદલે સોશિયલ મીડિયા પર પોસ્ટ થવા લાગી. જેથી કોડક જેવી કેમેરા ટેક્નોલોજી બનાવતી કંપનીઓના પડકારો વધ્યા. કોડકના ફિલ્મ બિઝનેસને પણ મોટું નુકસાન થયું. અંતે ૨૦૧૨માં કંપનીએ દેવાળું ફુંક્યું.અબજો ડોલરનો વેપાર કરતી કોડક કંપની આજે દેવાના બોજો હેઠળ છે. તેના માથે ૫૦ કરોડ ડોલરથી વધુ દેવું છે. કંપની બજારમાં ટકી રહેવા ટીવી અને અન્ય સેગમેન્ટમાં હાથ અજમાવી રહી છે. પરંતુ તેમાં કોઈ ખઆસ કરામત કરી શકી નથી. આજે પણ કોડક ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે કેમિકલ અને ફિલ્મ બનાવવાનું કામ કરે છે. કોડકની આ સ્થિતિ પરથી બોધ મળે છે કે, જો તમે સમય રહેતાં નિર્ણયો નહીં લો અને સમય સાથે પરિવર્તન નહીં લાવો તો તમે ગમે તેટલી મોટી બ્રાન્ડ કેમ ન હોવ, તમે આકાશ પરથી જમીન પર પટકાતા વાર નહીં લાગે. નોકિયા, ઓનિડા અને બ્લેકબેરી જેવી કંપનીઓની હાલત પણ કોડક જેવી થઈ છે.

# મોંઘવારીમાં વધુ એક રાહતના સમાચાર, જથ્થાબંધ ફુગાવો જુલાઈમાં ઘટી બે વર્ષના તળિયે


દેશની મોંઘવારીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સરકારી આંકડાઓ અનુસાર, જથ્થાબંધ ફુગાવો જુલાઈ, ૨૦૨૫માં -૦.૫૮ ટકા નોંધાયો છે. જે એપ્રિલ, ૨૦૨૩ બાદનો સૌથી ઓછો છે. સતત બીજા મહિને ફુગાવો નેગેટિવ ઝોનમાં રહ્યો છે. સરકાર અનુસાર, ખાદ્ય પદાર્થો, ક્રૂડ ઓઈલ, નેચરલ ગેસ, અને બેઝિક મેટલ્સના ભાવમાં ઘટાડો થયો છે. જથ્થાબંધ ફુગાવો બે વર્ષના તળિયે પહોંચતાં આગામી સમયમાં લોકોના ખિસ્સા પર બોજો ઘટવાની શક્યતા છે.



શાકભાજી અને અનાજના ભાવમાં તોતિંગ ઘટાડાના કારણે મોંઘવારીમાં રાહત મળી છે. જુલાઈમાં ખાદ્ય ચીજોનો જથ્થાબંધ ફુગાવો -૦.૯૬ ટકા નોંધાયો હતો. જ્યારે ખનિજ તેલમાં જથ્થાબંધ ફુગાવો -૧.૯૮ ટકા રહ્યો હતો. ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસમાં ઉઁ -૨.૫૬ ટકા રહ્યો હતો. બેઝિક મેટલ્સમાં ઉઁ -૦.૮૨ ટકા થયો છે. જ્યારે કોલસા, વીજ અને ખનિજમાં જથ્થાબંધ ફુગાવો -૦.૪૪ ટકા, -૦.૩૬ ટકા અને -૧.૦૮ ટકા સાથે વધ્યો છે.

તે ગ્રાહક ભાવ સૂચકાંક (ૐ) થી અલગ છે કારણ કે ૐ અર્થાત રિટેલ મોંઘવારી સામાન્ય લોકો દ્વારા ખરીદેલી ચીજવસ્તુઓના ભાવને ટ્રેક કરે છે, જ્યારે ઉઁ ફેક્ટરીઓમાંથી ઉત્પાદિત ચીજવસ્તુઓના ભાવ પર નજર રાખે છે. ઉઁ ડેટા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવે છે. આ સૂચકાંકમાં ત્રણ મુખ્ય શ્રેણીઓ છે.

# અદાણી ડિજિટલ લેબ્સે એરપોર્ટ અને મુસાફરીના અનુભવને વધુ ઉત્કૃષ્ટ બનાવવા મુખ્ય નવીનતાઓનું અનાવરણ કર્યું




અમદાવાદ,

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડની ટેકનોલોજી શાખા અદાણી ડિજિટલ લેબ્સ (છઢન) એ ભારતમાં અદાણી-સંચાલિત એરપોર્ટ પર મુસાફરોના અનુભવને વધુ ઉત્કૃષ્ટ કરવાના હેતુથી પરિવર્તનશીલ પહેલોની જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક પગલાંઓ અદાણી એરપોર્ટ પર સુવિધા, આરામ અને જોડાણમાં વધારો કરવાની સાથે ઉડ્ડયન ક્ષેત્રમાં ડિજિટલ ઈનોવેશનમાં અગ્રણી રહેવાની સ્થિતિ મજબૂત બનાવે છે.

અદાણી ડિજિટલ લેબ્સના ડિરેક્ટર શ્રીમતી શ્રુષ્ટિ અદાણીએ જણાવ્યું હતું કે, "નવા છઢન નો ઉદ્દેશ્ય તેના સંચાલનમાં ઊર્જા, વિવિધ વિચારો અને અપ્રતિમ કુશળતાનો સમાવેશ કરવાનો છે. મુસાફરોને ખાસ ડિજિટલ-ફર્સ્ટ અનુભવ પહોંચાડવા વ્યાપક વ્યૂહરચનાનો આ પ્રથમ તબક્કો છે. અમે હાથ ધરેલા દરેક પ્રોજેક્ટમાં અમારો ઉદ્દેશ્ય મુસાફરો માટે મુસાફરી સંબંધિત ચિંતા દૂર કરવાનો છે. ઓફરિંગમાં અપ-ટુ-ધ-મિનિટ માહિતી, પુરસ્કારો અને સુવિધાજનક લાઉન્જ સેવાઓનો સમાવેશ છ્, જે એક એગ્રીગેટરથી વધીને વ્યક્તિગત ડિજિટલ અનુભવ વધારશે અને મુસાફરોને એરપોર્ટ પર મુસાફરીનો આનંદ વધારશે."

વિકાસ અને નવીનતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતા છઢન એ અમદાવાદમાં ૧૫૦ સીટ ધરાવતી ઓફિસનું ઉદ્ઘાટન કર્યું છે, જ્યાંથી ટીમ એરપોર્ટ પર્યાવરણ માટે ગ્રાહક-કેન્દ્રિત ઉકેલો વિકસાવવાનું ચાલુ રાખશે. આ ઉકેલો સમય મર્યાદા, સુવિધાઓ પ્રત્યે મર્યાદિત જાગૃતિ અને લાંબી કતારો જેવા પડકારોનો સામનો કરશે. તમામ એરપોર્ટ સેવાઓને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર લાવતી અદાણી વનએપ પ્રવાસીઓને અનુભવલક્ષી મુસાફરી કરાવશે.

ડિજિટલ સાથી તરીકે સેવા આપતી આ એપ્લિકેશન મુસાફરોને નીચેની સુવિધાઓ સાથે તેમના એરપોર્ટ અનુભવનાં આયોજન સાથે આનંદ માણવા સશક્ત બનાવશે:

- અદાણી રિવોર્ડ્સ - એક ક્રાંતિકારી લોયલ્ટી પહેલ જે ફક્ત એરપોર્ટ પ્રવાસીઓ માટે છે. આ ભારતીય એરપોર્ટ ઈકોસિસ્ટમમાં તેના પ્રકારનો પહેલો લોયલ્ટી પ્રોગ્રામ છે, જે અસાધારણ મૂલ્ય અને અવિસ્મરણીય અનુભવો પહોંચાડવા કેન્દ્રિત છે. આ કાર્યક્રમ એફ એન્ડ બી, રિટેલ, કાર પાર્કિંગ, ડ્યુટી-ફ્રી શોપિંગ અને મીટ એન્ડ ગ્રીટ સેવાઓને સીમલેસ બનાવતા અજોડ સુગમતા અને ઉપયોગમાં સરળતા પ્રદાન કરે છે.
- સીમલેસ લાઉન્જ અનુભવ - એક અદ્યતન ડિજિટલ પ્લેટફોર્મ હવે અદાણી એરપોર્ટ પર લાઉન્જ ઍક્સેસને સુવ્યવસ્થિત કરે છે. મુસાફરો હવે સરળતાથી લાઉન્જ પ્રી-બુક કરી શકશે, કાર્ડ પાત્રતા ચકાસી શકે છે અને મુશ્કેલી-મુક્ત પ્રવેશનો આનંદ માણી શકે છે — તે લાંબી કતાર અને વિલંબને દૂર કરે છે.
- એફ એન્ડ બી, ડ્યુટી-ફ્રી અને રિટેલ સ્ટોર્સના વ્યાપક કેટલોગમાંથી બ્રાઉઝિંગ અને શોપિંગ
- સીમલેસ પાર્કિંગ માટે ડિલિવરી એટ ગેટ, મલ્ટી-કાર્ટ ઓર્ડર્સ, ડ્યુટી-ફ્રી માટે ગ્રુપ ઓર્ડર્સ અને પાર્ક એન્ડ ફ્લાય જેવી અનુકૂળ એરપોર્ટ સેવાઓ
- લાઈવ ફ્લાઈટ સ્ટેટસ ટ્રેકિંગ અને ઈન્સ્ટન્ટ સૂચનાઓ
- હાઈ-સ્પીડ એરપોર્ટ વાઈ-ફાઈ અને આવશ્યક મુસાફરી માહિતીની સરળ ઍક્સેસ

અદાણી ડિજિટલ લેબ્સ ડિજિટલ પરિવર્તનમાં એક અગ્રણી કંપની છે, જે નવીન ટેકનોલોજી અને ગ્રાહક-કેન્દ્રિત ઉકેલો દ્વારા મુસાફરી અને એરપોર્ટ અનુભવને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ નવીનતમ પહેલ સાથે કંપની એરપોર્ટ હોસ્પિટાલિટીમાં નવા ધોરણો સ્થાપિત કરી રહી છે અને વિશ્વ-સ્તરીય સેવા અને નવીનતા પ્રત્યેના સમર્પણને પુનઃપુષ્ટ કરી રહી છે.

# કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત હિંમતનગરમાં કામધેનુ વેટરનરી કૉલેજ મંજૂર, ૮૦ સીટ પર પ્રવેશ મળશે



ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા અને છેવાડાના માનવીની સુખાકારી માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેના પરિણામ સ્વરૂપે, રાજ્યના વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે વધુ એક નવી સુવિધાની ભેટ પ્રદાન કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં હિંમતનગર ખાતે નવી પશુ ચિકિત્સા અને પશુપાલન કૉલેજ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬થી આ કૉલેજમાં ૮૦ સીટ પર પ્રવેશની પ્રક્રિયા આગામી મહિનાથી શરૂ થશે. કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત હિંમતનગરમાં નવી કામધેનુ વેટરનરી કૉલેજ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવી હતી. આ બાબતે વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ફઝૈ) દ્વારા નિરિક્ષણ અને યોગ્ય સમીક્ષા બાદ આ વર્ષથી આ કૉલેજ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

કૉલેજ પ્રવેશ અને કોર્સ

વેટરનરી ચિકિત્સાના અભ્યાસ માટે આણંદ, નવસારી, જુનાગઢ અને દાંતીવાડા બાદ રાજ્યમાં આ પાંચમી કૉલેજ છે. ધોરણ ૧૨ પાસ કર્યા બાદ નીટ પરીક્ષાના આધારે આ કૉલેજમાં પ્રવેશ મળશે. આ કૉલેજમાં વિદ્યાર્થીઓ બેચલર ઓફ વેટરનરી સાયન્સ ( મ્ફજીષ) અને એનિમલ હસ્બન્ડરી ડિગ્રી કોર્સનો અભ્યાસ કરી શકશે. અભ્યાસક્રમ શરૂ કરવા માટે પૂરતા સ્ટાફની નિમણૂક પૂર્ણ થઈ ચૂકી છે જેમાં ૦૧ પ્રિન્સિપાલ, ૦૪ પ્રોફેસર, ૦૭ એસોસિએટ પ્રોફેસર, ૩૪ આસિસ્ટન્ટ પ્રોફેસર અને ૨૩ નોન ટીચીંગ સ્ટાફનો સમાવેશ થાય છે.

અત્યાધુનિક કેમ્પસ અને ઓછી ફીમાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સુવિધા

આ કૉલેજ શરૂ થવાથી હવે રાજ્યના વિદ્યાર્થીઓને વધુ એક સારી કૉલેજમાં અભ્યાસ કરવાની તક મળશે. આ કૉલેજનું કેમ્પસ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. વિદ્યાર્થીઓ માટે સરકારી ધોરણો અનુસાર ઓછી ફીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત અભ્યાસ સાથે રહેવાની સુવિધા પણ ઉપલબ્ધ છે.તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં પશુ આરોગ્ય મેળાઓની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત દેશનું એવું રાજ્ય છે જ્યાં પશુધન માટે હેલ્થકાર્ડ, પશુ આરોગ્ય મેળા અને પશુઓના મોતીયાના ઓપરેશનની સુવિધાઓ પણ વિકસિત કરવામાં આવી છે.

# રાજ્યમાં કુલ રૂ. ૧,૪૭૮ કરોડ કરતાં વધુનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂરઃ અંદાજિત ૪,૧૩૬થી વધુ રોજગારીનું સર્જન







ગાંધીનગર ખાતે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં મોટા ઉદ્યોગોને ફાઈનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં કુલ રૂ. ૧,૪૭૮.૭૧ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી, જેનાથી રાજ્યમાં અંદાજિત ૪,૧૩૬ જેટલી નવી રોજગારીનું સર્જન થયું છે. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં

કેમિકલ, પ્લાસ્ટિક તથા પેપર સેક્ટરમાં રૂ. ૩૫૯.૪૭ કરોડ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં પેપર સેક્ટરમાં રૂ. ૨૯.૫૩ કરોડના મૂડીરોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. જે રાજ્યમાં ઉદ્યોગોને વધુને વધુ સક્ષમ બનાવવા તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ગુજરાતમાં રોજગારી વધારવામાં મહત્વનો ભાગ ભજવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

અત્રે નોંધનીય છે કે, ગુજરાતને વ્યાપક સામાજિક અને આર્થિક વિકાસની દીવાદાંડી બનાવવાના વિઝન સાથે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતી-૨૦૧૫ હેઠળ 'ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રિઝ' યોજનાનો અમલ કરવામાં આવ્યો છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOGSS:-168**
વિષય:-હમસફર
શીર્ષક:- સાથી હાથ બઢાના:
પ્રકાર:- ગદ્ય સંખ્યા:-૩૩૫

જિંદગીનાં હમસફરમાં જો 'મન' નો સાથી મળી જાય તો, સાથીનો એ સહકાર ભાવ પ્રેમ બલિદાન મિત્રતા એકતા પાર્ટનરશીપ એ સમય સંજોગ યાદગાર બની આનંદ સાથે જીવાય છે. મન - વિચાર ચિંતન મનન યોગ પણ હમસફર માં સહાયક બને છે. હમસફર માં 'એકલો જાને રે ' શબ્દ ખૂબ મહત્વનો અને તટસ્થ વિશ્વાસ સાથે, ' સાથી હાથ બઢાના: ' એટલે માનવી અને ઈશ્વર સાથે ના સંબંધ, મનુષ્ય જીવનમાં સાર્થક બની સહાયક બને છે. પરંતુ આવાં આધ્યાત્મ પ્રકારનાં સંબંધમાં પગની એડીથી લઈ માથાં નાં વાળ સુધી વિશ્વાસ માંગી લે છે.

દાંપત્ય જીવનમાં હમસફર ની યાત્રા કરતાં...જો દંપતિ લગ્ન વિધિ સમય બ્રાહ્મણ દ્વારા બોલેલા 'સપ્તપતિના ફેરા' નાં મંગલ પત્રાવલીને સ્વીકાર કરી, તે દંપતી પરસ્પર 'અહંકાર વિના' ચાલે તો સુખ-દુઃખના સ્નેહી સાથી બની હમસફરના શબ્દને સાર્થક કરે છે.

એકલા રાહી ને એની જિંદગીની યાત્રામાં રાહગીર જો મળી જાય તો એની યાત્રા સફળ થાય છે. અને એ સફળ થયા ની સફળતા એક સફળ સાથી થી થાવાય છે. જે જીવનમાં હમસફર સ્વરૂપે સાથી અલગ અલગ રૂપે અલગ સંજોગોમાં અલગ અલગ આપણને મળી આવતાં હોય છે.

મીરાબાઈ ને કૃષ્ણની ભક્તિમાં વિશ્વાસ એ પણ એક પવિત્રતા રૂપે હમસફર સુખ નું દ્રષ્ટાંત છે. જેમ સુદામાના પણ હમસફર શ્રીકૃષ્ણ બન્યા હતા.અને આજે ઈશ્વર ઉપર અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ જીવનની યાત્રામાં ઈશ્વર એક શ્રેષ્ઠ સાથી પુરવાર થાય છે. શ્રી કૃષ્ણ જેવાં હમસફર જોઈતાં હોય તો જીવન કમળ સમાન પવિત્ર બનાવવું પડે .

જો જીવન સાગરનાં દરિયામાં નૈતિક મૂલ્યોથી ભરપૂર દાની માનવીનો સાથ મળી જાય તો જીવન અને મૃત્યુ શ્રેષ્ઠ સાબિત થાય છે.

આજકાલ તો કોણ કોનું હમસફર બની બલિદાન આપે છે. અનુભવી જ લખી શકે છે. કવિતાઓ લખવી લેખ લખવો તો લેખકો માટે બહુ આસાન છે. આ કાલ્પનિક દુનિયામાં કલ્પનાઓના ભવસાગરમાં હમસફર સૌ બની શકે છે. પરંતુ સાચો હમસફર બનીને કુરબાન થવું રાષ્ટ્ર કાજે રાષ્ટ્ર નો એક સૈનિક હોય છે. બાકી બધું તો એક કન્ડિશન સાથે સાથ સહકાર એક વ્યાપાર ની જેમ સહકાર હોય છે. એમ મારું માનવું છે.
પ્રથમ હમસફર તો આપણા મા-બાપ છે.બાકી તો હમસફરના મેળામાં કોણ ક્યારે ક્યાં છૂટી જાય અને ક્યારે છોડી ને અલવિદા કહી ચાલ્યા જાય તે કહેવાય નહીં.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'
આધ્યાત્મિક લેખક
અમદાવાદ

**NG: NOGSS NO— 209**
વિષય- હમસફર શીર્ષક- ન હાર માનવી.
શબ્દો- ૧૦૦

હમસફર હોય સાથે, સફર આસાન થઈ જાય છે,
ગુમાવ્યો સાથ,હમસફરનો સમય જાણે ચાલવાનું ભૂલી જાય છે.

હમસફરની ગેરહાજરીમાં કિંમત સમજાય છે,
ન પૂરાય એવો શૂન્યાવકાશ સર્જાય છે.

જિંદગી ઘણું શીખવી ગઈ,ભરવો કેમ શૂન્યાવકાશ, સમજાઈ ગયું
મળે જે જિંદગીમાં સ્વિકારતાં શીખી જવું.

'સ્વધા'એ સ્વીકાર્યું જીવનમાં જે મળ્યું,ફરિયાદ કરવાથી કાંઈ ન વળે.જિંદગી આસાન થઈ જાય છે.

નામ- સુધા જે. પુરોહિત 'સ્વધા'
હોનોલુલૂ અમેરિકા

**NG: NOG SSN. 0089**
વિષય હમસફર
શીર્ષક બહાર આવી
પદ્ય શબ્દો ૮૦૯
—-
જીવનમાં બહાર આવી જેના પગરવને સુણી
દિલ ધબકારો ચૂક્યું જેના આગમનને કારણ
આ એજ વ્યક્તિની યાદે હું સુનમુન બેઠી છું
—
સુંદર સંસ્કાર અર્પી બાળકોમાં ગુંથાઈ
માસા મમતાના બંધન સાથી સંગે સોહાવી
આ એજ વ્યક્તિની યાદે હું ગુમસુમ બેઠી છું
—
ફુલવાડી સિંચિત થઈ ફળફૂલથી ઉભરાઈ
માળી વિણ બગિયાની હું મહેક માણું છું
આ એજ વ્યક્તિની યાદે હું સુનમુન બેઠી છું
—
વણમાગે જીવનમાં લહેર આનંદની ઊઠી
શ્રીજી તારી દયાની હું કરુણાને યાચું છું
આ એજ વ્યક્તિની યાદે હું ગુમસુમ બેઠી છું
—
પ્રવિણા કડકિઆ

**NG: NOG SS NO: 371**
વિષય: હમસફર
શિર્ષેક: બોલ તું કરીશ ને??
પ્રકાર: અછાંદસ
શબ્દો:૧૩૪

હું ચાહું છું તને એ હું બધાની સામે કહેવા તૈયાર છું,
મારા કરેલા એકરારનું માન રાખીને મારો હાથ પકડી શકીશને ???

છે અનેક મુશ્કેલીઓ આપણા પથ પર હું તારી સાથે ચાલવા તૈયાર છું,
આવે ગમે તેટલી વિપદાઓ એનો સામનો કરવા તું મારો સાથ આપીશને???

સમાજના હર બંધન તોડી માત્ર તારી સાથે બંધાવા હું તૈયાર છું,
મર્યાદા એ બંધનની જળવાય સદા એ અડગ વચન તું પાળીશને???

હું દુનિયાના તમામ એશોઆરામ અરે મારી જાતને ભુલવા તૈયાર છું,
શું તું હરપળ હરઘડી રંગી તારી ચાહતમાં હું તું મટી આપણે થઈ શકીશુંને.

ચાંદની તારી પાસે કંઈ નથી માંગતી એ માત્ર તને તુજથી માંગે છે,
પકડી મારો હાથ નિભાવજે હર પથ પર સાથ બોલ આટલું તો તું કરીશને???

બની મારો હમસફર મારી સાથે હર રાહ પર પકડી હાથ,
કદમથી મિલાવી કદમને આપી મારો સાથ તું એ રાહ પર ચાલીશને???

ડૉ ભાવના એન જોષી
વડોદરા

**NG: N.O.G.સાહિત્યસરિતા ૩૩૮**
વિષય: હમસફર
શીર્ષક : -હમસફર વિના પ્રકાર : પદ્ય -શબ્દ સં ૭૦

સૂની જિંદગીની સફર, હમસફર વિના,
ઠંડી હવા પણ છે બેઅસર, હમસફર વિના.

ચાંદની પણ કરે તીરથી ઘાયલ, હમસફર વિના.
દરિયો ઘૂઘવે જાણે ત્રાસ ગુજારે,
હમસફર વિના.

કુદરત જાણે સાવ બની બેકદર,
હમસફર વિના.
મળે નહીં પથની ક્યાંયે મંઝિલ,
હમસફર વિના.

આંખોમાં અશ્રુ પણ સુકાય,
હમસફર વિના.
જિંદગી બને સહરાનું વેરાન રણ,
હમસફર વિના.

શું છે એમાં કોઈ રસકસ,
હમસફર વિના.
મંથર ગતિએ ચાલે સમય,
હમસફર વિના.

નિરુત્સાહી બની કપાય હર સફર ,
હમસફર વિના.

નિહારિકા અંજારિયા નેહા

# ભવન્સ કોલેજ, ડાકોરના એન.એસ.એસ.યુનિટ દ્વારા 'વીરોને વંદન'કાર્યક્રમ તથા તિરંગા યાત્રા યોજાઈ

ભારતીય વિદ્યાભવન,ડાકોર કેન્દ્ર સંચાલિત ભવન્સ કોલેજ, ડાકોર ના એન.એસ.એસ યુનિટ દ્વારા તા.૧૪/૦૮/૨૦૨૫ ને ગુરુવાર ના રોજ ડાકોર પોલીસ સ્ટેશનના પોલીસ જવાનોની સમાજની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી તેમને સન્માનવાનો ''વીરોને વંદન'' કાર્યક્રમ યોજવામા આવ્યો હતો.જેમાં ડાકોર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ શ્રી ચૌધરી સાહેબ સહિત તમામ પોલીસ જવાનોનું તિલક કરી, પુષ્પગુચ્છ દ્વારા અને સલામી આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.શ્રી ચૌધરી સાહેબે વિદ્યાર્થીઓને સમાજ સેવા થકી મદદરૂપ થવા તથા સમાજમાં જાગૃતિ લાવવા આહવાન કર્યું હતું.આ ઉપરાંત ડાકોર નગરમાં એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા વિશાળ તિરંગા યાત્રા યોજવામાં આવી હતી.જેમાં ડાકોર પોલીસ સ્ટેશનનાં જવાનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડૉ.કપિલ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની આ પ્રવૃતિને પ્રોત્સાહિત કરવા કૉલેજના કા.આચાર્ય ડૉ.ટી.આર.ત્રિવેદી તથા આર્ટસ કો-ઓર્ડીનેટર ડૉ.એ.કે.ચૌધરી તથા કોલેજના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્રના માનદમંત્રી શ્રીમતી નિકિતાબેન ગાંધીએ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓને આ રાષ્ટ્રભાવનાની પ્રવૃત્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ




આજે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી, આ તિરંગા યાત્રામાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ઈ.ચા.કુલપતિશ્રી ડૉ.મનીષ રાવલનાં માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ ભવ્ય તિરંગા યાત્રામાં યુનિવર્સિટીના દરેક ડિપાર્ટમેન્ટના હેડ.તથા પ્રોફેસરશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના અંતર્ગત કરવામાં આવ્યું હતું . આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન યુનિવર્સિટીના એનએસએસ ના પ્રોગ્રામ કોર્ડીનેટર પ્રો. ડો.રણછોડ રથવી અને એન એસ એસના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર યાત્રામાં સૌ દેશભક્તિના રંગે રંગાયા હતા તિરંગા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ યાત્રાને સફળ કરવા માટે યુનિવર્સિટીના સ્પોર્ટ્સ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના તમામ પ્રોફેસરશ્રીઓ,વહિવટી સ્ટાફ અને તમામ કર્મચાશ્રીઓ એ અથાગ મહેનત કરી હતી. આ તિરંગા યાત્રામાં રાષ્ટ્રપ્રેમની લહેર જગાવી સૌએ રાષ્ટ્રપ્રેમના નારા સાથે રસ્તા ગુંજાવી દીધા હતા. માત્ર એક યાત્રા ન હતો, પણ ભારત માતા પ્રત્યેની અવિચલ શ્રદ્ધા અને એકતાનું જીવંત પ્રતિક હતો. સાથે સાથે હર ઘર તિરંગા, હર ઘર સ્વચ્છતાના શપથ પણ લીધા હતા.

# વોલેટિલિટી વચ્ચે ઈક્વિટી ફંડોમાં હાથમાં રોકડ જાળવી રાખવાનો વ્યૂહ

મુંબઈ : સતત બે મહિના સુધી ઘટાડા બાદ, સક્રિય ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડોએ ગયા મહિને હાથમાં વધુ રોકડ જાળવી રાખવાનો વ્યૂહ અપનાવ્યો હતો. ભારતીય બજારમાં હાલમાં જોવા મળી રહેલી વોલેટિલિટીને પરિણામે ફન્ડ હાઉસો સતત સાવચેતી ધરાવી રહ્યાના આના પરથી સંકેત મળે છે.પ્રાપ્ત આંકડા પ્રમાણે સક્રિય ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડસનું કેશ હોલ્ડિંગ્સ ગયા મહિને વધી રૂપિયા ૧.૫૮ લાખ કરોડ રહ્યું હતું જે જૂનમાં રૂપિયા ૧.૫૫ લાખ કરોડ જોવા મળ્યુ હતું.અનિશ્ચિત સ્થિતિને પહોંચી વળવા ફન્ડ મેનેજરો કેશ જાળવી રાખવાનું મુનાસિબ માનતા હોય છે. હાથમાં કેશના ઊંચા પ્રમાણ માટે હાલના ઊચા વેલ્યુએશનોને પણ કારણભૂત માનવામાં આવી રહ્યા છે.

# ગાંધીનગર શહેર ભાજપ દ્વારા ૭૯ માં સ્વતંત્રતા દિનની પૂર્વ સંધ્યાએ 'વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન' અન્વયે વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમ અને મૌન રેલી યોજાઈ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના ૭૯ માં સ્વતંત્રતા દિનની પૂર્વ સંધ્યાએ 'વિભાજન વિભિષિકા સ્મૃતિ દિન' અન્વયે મહાનગર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવેના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા સેકટર ૨૧ ખાતે વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમ અને મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી મુખ્ય અતિથિ તરીકે વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિભાજનની પીડા સહન કરનાર પરિવારો માટે સંવેદના પ્રગટ કરવા તેમજ વિભાજન સમયે જેમનું મૃત્યુ થયું તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી વર્ષ ૨૦૨૧ માં તા.૧૪ ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે જાહેર કર્યો હતો તેના અનુસંધાને પ્રદેશ નેતૃત્વની કાર્યસૂચિ મુજબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વિભાજનની વિભિષિકાના કરૂણ તથ્યોને દશ્યમાન કરતી વિડિયો ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ તેમના સંબોધનમાં ભારતના દુર્ભાગ્યપૂર્ણ વિભાજન અને પાકિસ્તાનના નિર્માણ સમયે દેશવાસીઓએ સહન કરેલ અસહ્ય પીડા અંગે સંવેદના વ્યક્ત કરી વિભાજનના દુઃખદ તથ્યો અંગે સંવેદનાસભર સંવાદ કર્યો હતો. વ્યાખ્યાન બાદ વિશાળ મૌન રેલી યોજાઈ હતી. ઉપરોક્ત



કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, મહાનગરપાલિકા અને સંગઠનના ભાજપના પદાધિકારીઓ અને આગેવાનો, નગરસેવકો, કાર્યકર્તાઓ, વિવિધ શ્રેણીના નિવૃત્ત આર્મી જવાનો, ડોકટર, સી.એ, વકીલ, સહિત પ્રબુદ્ધ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# જૈનોના અતિ પવિત્ર પર્યુષણ પર્વ નિમિતે સંદર્ભે કતલખાના, નોનવેજનાં વેચાણ બંધ રખાવવા એનીમલ હેલ્પલાઈન દ્વારા ગુજરાત સરકારને રજૂઆત

એનીમલ હેલ્પલાઈન દ્વારા જૈનોના અતિ પવિત્ર પર્યુષણ પર્વ નિમિતે (૧) શ્વેતાંબર જૈન સંપ્રદાયઅને સ્થાનકવાસી સંપ્રદાય તા.૨૦/૦૮/૨૦૨૫ (બુધવાર) થી તા.૨૭/૦૮/૨૦૨૫ (બુધવાર), (૨) દિગંમ્બર જૈન સંપ્રદાય તા. ૨૮/૦૮/૨૦૨૫ (ગુરૂવાર) થી તા.૦૪/૦૯/૨૦૨૫ (ગુરૂવાર) તથા (૩) પર્યુષણ ધુ?૫ દશમ તા. ૦૨/૦૯/૨૦૨૫ (મંગળવાર) સુધી કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી છે.

પર્યુષણ જૈન સમાજનો સર્વોચ્ચ પર્વ છે, જે આત્મશુદ્ધિ, અહિંસા અને કરુણાના માર્ગે લઈ જાય છે. આ ૮ દિવસ અથવા ૧૦ દિવસ દરમિયાન જૈન ભક્તો ઉપવાસ, પ્રાર્થના, પાઠ, સ્વાધ્યાય અને ક્ષમા-યાચના કરે છે. ભારતમાં અંદાજે ૧૬,૦૦૦થી વધુ જૈન સાધુ-સાધ્વીઓ છે, તેઓ જીવનભર અહિંસા, અપાર દયા અને સ્વાનુશાસનના માર્ગે ચાલે છે. પારાયણશાળાનો પવિત્ર સમયગાળો આપણને ભક્તિના ઉચ્છ્વાસ, આત્મ-ચિંતન અને અહિંસાના સિદ્ધાંતોની શીખ આપે છે. જિવદયા એટલે જીવમાત્ર પ્રત્યે દયા, ભલે તે મનુષ્ય હોય કે પ્રાણી, પક્ષી કે જળચર. પર્યુષણ દરમ્યાન, પક્ષીઓને પાણી અને દાણા મૂકવા, ગૌશાળાઓમાં ચારો આપવો આ બધું એક સત્ય સાધના છે, જે માત્ર પુણ્ય જ નથી પણ માનવતાની પદવી છે. આ પ્રવૃત્તિજાળમાં જિવદયા, એટલે કે બધા પ્રાણીઓની માટે કરુણા અને સમજનો સંદેશ મહત્ત્વપૂર્ણ બની ઊઠે છે. આપણી આસપાસ આપણે જોઈએ તો આજે લાખો-કરોડો પશુ-પક્ષીઓ અકાળે મૃત્યુ પામી રહ્યાં છે. આ પશુ-પક્ષીઓનો ઉપયોગ વિદેશીઓના પેટ ભરવા માટે થઈ રહ્યો છે. આ પશુ-પક્ષીઓની કતલથી માંસાહાર વેચીને નાણાં કમાવવાનો ઉદ્યમ મોટા પાયે વિકસ્યો છે. આ ક્રૂરતા તરત બંધ થાય એ જોવાની ફરજ આપણી છે. એના માટે જાગૃત થઈને નક્કર કાર્ય કરવું જોઈએ.ઉપરોકત પર્યુષણ પર્વની પવિત્રતા અને સમસ્ત જન પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને સમાજની લાગણી ના દુભાય તે માટે જાહેર કતલખાના તેમજ જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચાતા માંસ, ઈંડા અને મચ્છીના વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત ધર્મપ્રેમી જનતા વતી ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલય કમિટી, એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમિટી તેમજ ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડના મેમ્બર મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગ રમેશભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા દ્વા રા ગુજરાત સરકારને વિનંતી કરાઈ છે.

૭૯મું સ્વાતંત્ર્ય પર્વ ૨૦૨૫
૧૫ ઑગસ્ટ રાજ્ય મહોત્સવ પોરબંદર

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# સ્વાતંત્ર્ય પર્વની

## સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...





માનનીય મુખ્યમંત્રી

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની

ગરિમામયી ઉપસ્થિતિમાં

### રાજ્યકક્ષાનો ધ્વજવંદન સમારોહ

**તારીખ:** ૧૫ ઑગસ્ટ-૨૦૨૫, શુક્રવાર, **સવારે:** ૯-૦૦ વાગે,
**સ્થળ:** શ્રી કે.એચ.માધવાણી આર્ટ્સ અને કોમર્સ કૉલેજ ગ્રાઉન્ડ, પોરબંદર નેશનલ હાઈ-વે, એરપોર્ટ રોડ, પોરબંદર.

### પ્રગતિનું પથદર્શક ગુજરાત

ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું
**₹3.70 લાખ કરોડ**નું બજેટ

**વિકસિત ગુજરાત ફંડ: ₹50 હજાર કરોડ**ની જોગવાઈ
ગુજરાતને વિકાસની નવી ઊંચાઈ પર લઈ જશે

**"પોષણ ભી, પઢાઈ ભી"** ના મંત્રને સાકાર કરશે
**મુખ્યમંત્રી અલ્પાહાર યોજના**

**"મેદસ્વિતામુક્ત ગુજરાત"** અભિયાન હેઠળ
તમામ નાગરિકોના સ્વાસ્થ્યની દરકાર લેશે સરકાર

શહેરી વિકાસના સફળ ૨૦ વર્ષ :
૨૦૨૫ને **'શહેરી વિકાસ વર્ષ'** તરીકે ઉજવાશે



## પોરબંદરની ઐતિહાસિક ધરતી પર સ્વાતંત્ર્ય પર્વ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.